# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/248 Dt. 12/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

———————————————————————————————————————

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'SEO કોન્ફરન્સ ૨૦૨૫'નું સફળ આયોજન, ડિજિટલ યુગમાં વ્યવસાયોને મળી નવી દિશા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'SEO કોન્ફરન્સ ૨૦૨૫: સર્ચ સ્માર્ટ, ગ્રો સ્માર્ટર' વિષય પર ભવ્ય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડિજિટલ માર્કેટિંગ ક્ષેત્રના ચાર અગ્રણી નિષ્ણાતો ડિજિકોવેબના ફાઉન્ડર શ્રી અમિત પંચાલ, તેજ સોલપ્રોના ફાઉન્ડર શ્રી જયદીપ પરીખ, આઈ વિપણનના એસ.ઇ.ઓ. હેડ સુશ્રી દિવ્યા મિસ્ત્રી અને ફૂલ–સ્ટેક ડિજિટલ માર્કેટિંગ કન્સલ્ટન્ટ શ્રી ભૌતિક શેઠે પોતાના ઊંડા જ્ઞાન અને અનુભવથી ઉપસ્થિતોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના ઝડપી ડિજિટલ યુગમાં, જ્યાં ગૂગલ અને અન્ય સર્ચ એન્જિનોના અલ્ગોરિધમ સતત બદલાઈ રહ્યા છે, ત્યારે દરેક વ્યવસાય માટે ઓનલાઈન વીઝીબીલીટી જાળવવી અને કસ્ટમર્સ સુધી પહોંચવું એક આવશ્યક જરૂરિયાત બની ગઈ છે. આ સમયની તાતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ વિશિષ્ટ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય હેતુ ઉદ્યોગ સાહસિકો અને ડિજિટલ પ્રોફેશનલ્સને આવનારા સમયના SEO (Search Engine Optimization) વલણો અને વ્યૂહરચનાઓથી માહિતગાર કરવાનો હતો.

ડિજિકોવેબના ફાઉન્ડર શ્રી અમિત પંચાલે જણાવ્યું હતું કે, તમારી વેબસાઇટ ને ગૂગલ એઆઈ–ઓવરવ્યૂ અને એઆઈ મોડમાં આવે તેના માટે વધારે ડીટેલ્સમાં કન્ટેન્ટ લખવુ જોઈએ. જનરેટિવ એઆઈ કન્ટેન્ટ કરતા હ્યુમન–રિટન કન્ટેન્ટ પર ફોકસ કરવું. ૨૦૨૬ માં વિવિધ ગૂગલ અલ્ગોરિધમ અપડેટ્સ તમારી વેબસાઇટને અસર ના કરે તે માટે યુનિક કન્ટેન્ટ અને વેબસાઇટને મોબાઇલ ફ્રેન્ડલી બનાવવા તરફ વધારે ધ્યાન આપવુ. વેબસાઈટ વિઝીટર્સ બ્લોગ પોસ્ટથી પ્રેરણા લે તે માટે બ્લોગ કન્ટેન્ટને હ્યુમન ટચ આપવો જરૂરી છે.

તેજ સોલપ્રોના ફાઉન્ડર શ્રી જયદીપ પરીખે જણાવ્યું હતું કે, આજની જનરેશન એઆઈના જવાબો પરથી પ્રોડક્ટ બાયિંગ નિર્ણયો લઇ રહ્યા છે તેથી તમારી બ્રાન્ડની સાચી, સ્પષ્ટ અને વિશ્વસનીય માહિતી જ સૌથી મોટું હથિયાર છે. ૨૦૨૬માં એ બ્રાન્ડ જીતશે જે એઆઈ ને સમજાય તે રીતે પોતાનું કન્ટેન્ટ તૈયાર કરશે. સર્ચની દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. હવે એ બ્રાન્ડ્સ જીતશે જે એઆઈ ને સરળ, સાચી અને વિશ્વસનીય માહિતી આપશે. આ સમયર્ ભાડે લીધેલી ઓડિયન્સ નો નહિ પણ પોતાની ઓડિયન્સ ઓવ્ન કરવાનો છે.

આઈ વિપણનના એસ.ઇ.ઓ. હેડ સુશ્રી દિવ્યા મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, કન્ટેન્ટમાં ઈમોશનલ ટચ લાવવો એ ફ્યુચર SEO માટેની ડિમાન્ડ છે. જ્યારે વેબસાઈટ કન્ટેન્ટમાં વેબસાઈટ વિઝીટર્સ માટે યૂઝફુલનેસ હોય, ત્યારે તે માત્ર વેબસાઈટ વિઝીટર્સ સુધી નહીં પણ ગૂગલ સર્ચ રેન્કિંગમાં પણ ઊંચું સ્થાન મેળવવામાં મદદ કરશે. એઆઈના સમયમાં જેટલી વધુ પર્સનલ સ્ટોરીટેલિંગથી સ્ટ્રેટેજી બનાવશો તેટલો સારો વેબસાઈટ ટ્રાફિક મળશે.

ફૂલ–સ્ટેક ડિજિટલ માર્કેટિંગ કન્સલ્ટન્ટ શ્રી ભૌતિક શેઠે જણાવ્યું હતું કે, ૨૦૨૬થી આગળ સર્ચર બીહેવિયર રિસર્ચ અને એનાલિસિસ સૌથી અગત્યનો પ્રશ્ન બનીને ઉભો રહેશે. સર્ચ એન્જીનની બદલાતી પેટર્નમાં ઓર્ગેનિક રિઝલ્ટ, સર્ચ એડ્સ તો હતા જ પણ ઇન્ટરનેટ યુઝર્સ બિહેવિયર એઆઈ ઓવરવ્યુ અને જનરેટિવ સર્ચ રિઝલ્ટને કારણે ઝડપથી બદલાઈ રહ્યો છે. 'ઝીરો–ક્લિક'ના સમયમાં વેબસાઈટ ટ્રાફિક અને કન્વર્ઝન વધારવા માટે બિઝનેસીસે ટ્રસ્ટ ફેકટર પર સૌથી વધુ ધ્યાન આપવું પડશે.

વકતાઓએ સર્ચ એન્જિન ઑપ્ટિમાઇઝેશન (SEO)ના સૌથી અગત્યના પાસાઓ – ગૂગલના અલ્ગોરિધમમાં આવનારા ફેરફારો, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના કારણે સર્ચમાં આવી રહેલા પરિવર્તનો અને લાંબા ગાળાની સફળતા માટે AI–ફ્રેન્ડલી કન્ટેન્ટ કેવી રીતે બનાવવું વિગેરે પર માહિતી આપી હતી.

કોન્ફરન્સમાં ઉપસ્થિતોને ડિજિટલ માર્કેટિંગ અને વિશેષ કરીને SEOના આવનારા સમયના પડકારો અને તકો વિશેની મહત્વપૂર્ણ ઇનસાઇટ્સ મળ્યા હતા, જેનાથી તેઓ ૨૦૨૬ અને તે પછીના વર્ષો માટે તેમના વ્યવસાયની ડિજિટલ વ્યૂહરચના તૈયાર કરવા માટે સક્ષમ બન્યા હતા. આ કોન્ફરન્સ સુરતના ઉદ્યોગ જગત માટે ડિજિટલ પ્રગતિની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયું હતું.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન શ્રી મનિષ કાપડીયા, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને પ્રોફેશનલ્સ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની ડિજિટલ માર્કેટીંગ કમિટીના કો–ચેરમેન શ્રી મંથન મદ્રાસીએ કોન્ફરન્સનું સમગ્ર સંચાલન કર્યું હતું. ડિજિટલ માર્કેટીંગ કમિટીના સભ્યો શ્રી નિલેશ દેસાઇ અને શ્રી કલ્પેશ પટેલે વકતાઓનો પરિચય આપ્યો હતો.